पश्यन्ति ज्ञानचक्षुषः

ॐ

શ્રી પરબ્રહ્મ પ્રકાશ
તત્ત્વદર્શિ
પત્રિકા.



પ્રકાશક:

એમ. પી. ત્રિવેદીની કંપની.

શ્રી કૃષ્ણ પ્રિન્ટીંગ પ્રેસ, અનંતવાડી, મુંબઈ.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૪૮-૦૩ वर्गांक

पुस्तकनुं नाम ચરજાર્લ પ્રકાશ નન્દવાદકી
પત્રિકા

विषय ક ૬૫:૬૨

વેદાન્તસાર.

શ્રીપરબ્રહ્મ પ્રકાશ તત્ત્વદર્શિ પત્રિકા.

ઉત્તમ મુમુક્ષુ વર્ગ માટે.

સર્વ સત્‌શાસ્ત્રાનુસાર લખનાર

ત્રિવેદી પ્રલ્હાદ ધીરજરામ કુકડીયા નિવાસી.

છપાવી પ્રસિદ્ધ કરનાર

એમ. પી. ત્રિવેદીની કં.

ઠેકાણું:—ભુલેશ્વર, કબુતરખાના સામે ઘર નં. ૧૮૫ ચોથેમાળે, મુંબઇ.

સંવત ૧૯૬૯ આવૃત્તિ ૧ પ્રત ૧૦૦૦ સને ૧૯૧૩.

રતીલાલ હરજીવન પટેલે શ્રી કૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.
નં. ૭ અનંતવાડી, મુંબઇ. ૨.

ન્યોછાવર ૨ આના

આ ચોપડી સં. ૧૮૬૭ ના ૨૫ માં આકટ મુજબ રજીસ્ટર્ડ કરાવી છે.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
४८०३
(૨)

ગુણગણાલંકૃત સ્વધર્માભિમાની સ્વર્ગવાસીઃ—

શેઠ ત્રીકમદાસ મોરારજી રત્નસિંહ.

———:o:———

આપ સત્કુલોત્પન્ન વિવેક નિધિમાં નિપુણ અને પરમ પ્રેમાળજન હતા. વડિલોની આજ્ઞાનુસાર તેમજ પોતાની ઇચ્છાથી, ગુજરાતી, અંગ્રેજી, પરશીયન, સંસ્કૃત વિગેરે ભાષાઓનું જ્ઞાન સંપાદન કરી, પ્રાચિનગ્રંથો તથા સચ્છાસ્ત્રોનું મનનકરી, શ્રેષ્ઠપદ પ્રાપ્ત કરવાના અવર્ણનીય ઉદ્દેશથી, **परोपकाराय सतां विभूतयः** એ વાકયને લક્ષીભૂતકરી તેવાં કાર્યો કરવામાં નિષ્ણાત હતા. આપના સહચારી વર્ગને તેમજ વ્યકિત માત્રને સન્માર્ગે દોરવા, ઇત્યાદિ કાર્યો કરવામાં ઔદાર્ય શાલી હતા. આપની લઘુવય છતાં પણ ઉપરોકત ચિત્તાકર્ષક ગુણોથી આકર્ષાઈ આપની અભિલાષારૂપ શ્રીપરબ્રહ્મ પ્રકાશના નકશાની સમજણ આપનારૂં આ **શ્રીપરબ્રહ્મ પ્રકાશ તત્ત્વદર્શિ પત્રિકા** નામનું લઘુ પુસ્તક આપને સપ્રેમ સમર્પી વિરામ પામુ છું.

મુંબઇ, ભૂલેશ્વર રોડ.
કબુતરખાના સામે ઘર નં.
૧૮૫, ચોથેમાળે.
શ્રીકૃષ્ણ જયન્તિ. સંવત્ ૧૯૬૯

લી૦
હું છું આપનો સ્નેહાધિન.
શાસ્ત્રી મોહનલાલ જગન્નાથ.
દ્વિવેદી.



સ્વર્ગવાસી ભાઈ ત્રીકમદાસ મોરારજી રતનસીં.

ભૂમિકા.

સૃષ્ટિની ઉત્પત્તિ સમયે શ્રી પરબ્રહ્મ પુરૂષોત્તમના હૃદયાકાશના પ્રણવનાદથી સર્વ શાસ્ત્રોની ઉત્પત્તિ થએલી છે. તેનાં ચાર વેદ, ચાર ઉપવેદ, વેદનાં છ અંગ, પુરાણ, ન્યાય, મીમાંસા અને ધર્મશાસ્ત્ર મળી એકંદર અઢાર પ્રસ્થાન છે. આ સર્વ પ્રસ્થાનમાં શ્રી પ્રભુ સંબંધી તત્વાર્થ ભરેલો છે. વસ્તુસ્થિતિ એવી છે કે, અંગ અને ઉપાંગવડે શાસ્ત્ર વિશાળ છે અને આયુષ્ય અલ્પ તથા અનિશ્ચિત છે. આવી પરિસ્થિતિમાં જિજ્ઞાસુઓને પરિતૃપ્ત કરવાનો અનુકૂળ માર્ગ એ છે કે, સ્વલ્પ સમયમાં સાધન સંપન્ન બની શકાય અને યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિથી મોક્ષપદનો પૂર્ણ અધિકાર મેળવી શકાય એવા પ્રકારનો જ્ઞાનપ્રબંધ જિજ્ઞાસુઓની દૃષ્ટિસમક્ષ મૂકવો. આટલા માટે શ્રી કૃષ્ણ પરમાત્માએ સર્વ શાસ્ત્રના તત્ત્વરૂપ શ્રી ઉપનિષદોનું દોહન કરી મુમુક્ષુ વર્ગ માટે શ્રીમદ્ ભગવદ્ગીતા દ્વારા અર્જુનને ઉત્તમતાથી જ્ઞાનનો પાઠ શીખવ્યો છે; અને એ પ્રબંધ સર્વ મુમુક્ષુવર્ગના હિતસાધનનો પ્રબોધ કરી રહ્યો છે આ સર્વ જ્ઞાનસામગ્રીનો તત્ત્વાર્થ શ્રી ભગવદ્ગીતાના "૧૫,,મા આધ્યાયમાં શ્રીભગવાને શ્રી મુખે વર્ણવેલો છે. એ શ્રી પુરૂષોત્તમયોગના અધ્યાયનું બીજક શ્રી હરિએ તેજ અધ્યાયના પ્રથમ શ્લોકમાં અદૃષ્ય મૂળતત્ત્વરૂપે વાવેલું છે. પરંતુ તેનું વાસ્તવિક સ્વરૂપ મનુષ્ય માત્રથી સહજમાં જાણી શકાય તેવું ન હોવાથી અમોએ દીર્ઘકાળના અભ્યાસથી

અને સત્સંગથી સચ્છાસ્ત્રોનું સંશોધન કરી ઉંચે જેનું મૂળ છે, નીચે જેની શાખાઓ છે, વેદના છંદો જેના પાંદડા છે અને ત્રિકાણ્ડ વિષય જેના અમૃતમય ફૂળ છે એવો એક કલ્પવૃક્ષરૂપ શ્રીપરબ્રહ્મ પ્રકાશ એ નામનો નકશો કે જેની અંદર ૧૨૫ સુશોભિત ચિત્રો. ૨૨૫ શ્લોકો, ૧૮ પરિચ્છેદો, અને સપ્રમાણ ભાષાનો સમાવેશ કરી ઉત્તમ પ્રકારની રચના વડે ચિત્રપટ્ટ બનાવી પ્રસિદ્ધ કર્યો છે અને આ પત્રિકા તે નકશાનું સ્થિર વૃત્તિથી અવલોકન કરવામાં સાધનભૂત છે.

આ શ્રીપરબ્રહ્મ પ્રકાશ નકશામાં શ્રીહરિના સંકલ્પથી સૃષ્ટિક્રમ અને હૃદયાકાશના પ્રણવનાદથી શાસ્ત્રક્રમ તથા આ ઉભયના સંયોગથી પ્રકાશક્રમ પ્રગટ થયો છે. તેની સ્થિતિ કયાંસુધી રહેશે? સ્થિતિકાળમાં પ્રભુના અવતાર શામાટે થાય છે? કલિયુગમાં મનુષ્યનું કર્ત્તવ્ય શું? મોક્ષનાં સાધન કયાં? તત્વસ્વરૂપ જ્ઞાનોપદેશ શો? મોક્ષનું સ્વરૂપ શું? પ્રલય કેવી રીતે થાય છે? ઈત્યાદિ વિષયોનો એમાં સમાવેશ કરવામાં આવ્યો છે, કે જેથી મુમુક્ષુને અન્ય વિશેષ સાધનો પ્રાપ્ત કરવા કરતાં આ એકજ સાધન સુલભ થઇ પડશે. આ શ્રીપરબ્રહ્મ પ્રકાશ નકશો સ્પષ્ટરીતે જોવાની અનુકૂળતા માટેજ આ શ્રી પરબ્રહ્મ પ્રકાશ તત્ત્વદર્શિ પત્રિકા પણ પ્રગટ કરવામાં આવી છે.

આ વાર્ત્તા તો સ્પષ્ટજ છે કે, જેના હૃદયમાં શ્રીહરિપદ પ્રતિ સદ્‌ભાવ ન હોય અને ક્ષણભંગુર માયિક વિલાસોથી જેમણે

પોતાની વૃત્તિયોને ઓતપ્રોત કરી મૂકેલી હોય તેવા અનધિકારીઓને તો આ નકશો અને પત્રિકા પોતાની અંતર્મુખ સ્થિતિથી તેમના પરિચયમાં જવાની નાજ પાડે છે જિજ્ઞાસુ વૃત્તિનું પ્રતિપળ પોષણ કરવામાં ઉત્સુક શ્રીભગવદ્દભક્ત મનુષ્યોજ આ શ્રી પરબ્રહ્મ પ્રકાશ (તત્વજ્ઞાન)ના સત્યાધિકારી છે. આવો ઉત્તમ અધિકાર સર્વ માનવ હૃદયોમાં પ્રકટે અને તે વ્યકિતયો સર્વ જીવ માત્રનું હિત કરવામાં સાહાય્યભૂત બને એજ શ્રી કરૂણાકર, સર્વ શકિતમાન્, સર્વજ્ઞ, સર્વવ્યાપક, ઉભયસ્વરૂપી શ્રી સર્વેશ્વરના ચરણારવિન્દમાં અનેકાનેક પ્રણિપાત પૂર્વક પ્રાર્થના કરી આ લેખક પણ શ્રી સદ્દગુરૂપ્રસાદપૂર્વક શ્રી પ્રભુની આનંદમય પ્રકૃતિના પરિણામ પ્રતિ અનુલક્ષીને વિરમે છે,

મુંબાઇ, ભૂલેશ્વર રોડ.
શ્રી બાલાજીનું મંદીર.
શ્રીકૃષ્ણ જયન્તિ. સંવત્ ૧૯૬૯.

પ્રલ્હાદ ધીરજરામ ત્રિવેદી.

श्रीगणेशाय नमः ।

શ્રી પરબ્રહ્મ પ્રકાશ તત્ત્વદર્શિ પત્રિકા.

त्रिकाण्ड कल्पद्रुम



पश्यन्ति ज्ञानचक्षुषः

ॐनमोभगवते वासुदेवाय.

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः ।
तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गोऽमृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥

ઉત્પત્તિ પ્રકરણ.

ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छंदांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ॥

भ० गी० अ० १५-१

(શ્રુતિસ્મૃતિયો આ સંસારવૃક્ષને) ઉંચા મૂલવાળો નીચી શાખાવાળો અવ્યય અશ્વત્થ કહે છે. વેદનાં છંદો જેનાં પાંદડાં છે તેને જે જાણે છે તે (ખરો) વેદ જાણનારો છે.

નારદજીના હાથમાં ધ્વજપતાકા છે, તેના ઉપરના પંઝા હાથથી મૂળ પુરૂષોત્તમનું મૂળપ્રકૃતિથી પર અનન્ત-પ્રકાશવાળું ગોલોક (અસંખ્ય નામો પણછે) ધામ બતાવવામાં આવ્યું છે. તેના મધ્યમાં રાધિકાજીસહિત શ્રીકૃષ્ણ-ભગવાનનું સ્વરૂપ છે ત્યાં અસંખ્ય મુકતોથી સેવાતા ભગવાન્ વિરાજે છે. તે ગોલોકની નીચે ભગવાનના હૃદયથી ઉત્પન્ન થયેલ એક અંશરૂપ મૂળ (પ્રણવ) પુરૂષનું સ્થાન બતાવવામાં આવ્યું છે, કે જે સ્થાનમાંથી મોક્ષસ્થાન બતાવનાર શુકલમાર્ગ (લાંબી લીટી) નો છેડો પસાર-થઇ ગોલોક-તરફ જાય છે, તે સ્થાન પછીનું જે મૂળપ્રકૃતિ પુરૂષનું સ્થાન છે, ત્યાં શ્રીકૃષ્ણભગવાને પુરૂષરૂપે થઈને પ્રકૃતિનેવિષે ગર્ભ મૂકવાથી અનન્તકોટી પ્રધાનપુરૂષોનાં જોડાં ઉત્પન્ન થાયછે. અસંખ્ય પ્રધાનપુરૂષોની સંખ્યા બતાવવા માટે દ્રષ્ટાંત તરીકે બીજા દશ સ્થાનો મુકેલાં છે, પ્રણવપુરૂષની

નીચેના પ્રકૃતિપુરૂષના સ્થાનથી બન્નેતરફ જે સ્થાનો બતાવવામાં આવ્યાં છે, તેમાં ડાબીતરફનું મહાશિવલોકનું તથા જમણીતરફનું મહાવિષ્ણુલોકનું એમ બન્ને સ્થાનો પણ પ્રકૃતિથી પર કહેલાં છે. મુળપ્રકૃતિ અને મુળપુરૂષને પરાપ્રકૃતિપુરૂષ કહેલા છે. પ્રધાનપુરૂષપ્રકૃતિને અપરાપ્રકૃતિપુરૂષ કહેલા છે. અપરાપ્રકૃતિપુરૂષવાળા પ્રધાનપુરૂષસ્થાનમાં તે પ્રકૃતિનેવિષે પુરૂષરૂપે વાસુદેવભગવાને ગર્ભ મુકવાથી મહત્તત્ત્વ ઉત્પન્ન થાય છે, એ મહત્તત્ત્વનું પાંદડાના આકારવાળું સ્થાન બતાવવામાં આવ્યું છે. મહત્તત્વથી ત્રણ પ્રકારનો અહંકાર (સત્વ-રજ-તમ) ઉત્પન્ન થાયછે, તે સ્થાનો કલ્પીને બતાવવામાં આવેલાં છે. સત્વથી દશ ઇન્દ્રિયો અને ચાર અન્તઃકરણના ૧૪ દેવતાઓ અને મનની ઉત્પત્તિ, તમોગુણથી પંચમહાભૂત અને પંચવિષયની ઉત્પત્તિ, અને રજોગુણથી ૧૦ ઇન્દ્રિયો બુદ્ધિ અને પ્રાણની ઉત્પત્તિ બતાવવામાં આવી છે. એ એકંદર ૩૭ કાર્યોથી ૮ આવરણવાળું ૧ બ્રહ્માણ્ડ ઉત્પન્ન થાયછે. કે જે બ્રહ્માણ્ડમાં ૧૪ લોક રહેલાં છે તે સ્વરૂપ **વૈરાટનારાયણનું** છે. ૧૪ લોકનેવિષે કયા કયા લોકો રહે છે, તે સ્થાનોપણ નામસાથે વૈરાટસ્વરૂપમાં સિધીલીટીમાં ગોલાકારે બતાવેલાં છે. વૈરાટનારાયણના નાભિપદ્મની મધ્યે જે ભૂર્લોક તે વૈરાટનારાયણની ડાબીતરફ ગોલાકારે મોટા ચક્રરૂપે જણાવેલો છે, તે ભૂર્લોકમાં ૭ દ્વીપ, અને ૭ સમુદ્ર છે, તેમાંના જમ્બુદ્વીપનું વર્ણન ભૂર્લોક ચક્રનીઉપર ચક્રાકારે મૂકવામાં આવ્યું છે. અને ભૂર્લોકમધ્યેનો જે પુષ્કરદ્વીપ છે, તેમધ્યે ૧ માનસોત્તર પર્વત

છે. તેનાઉપર ૧૦ દિક્પાલોનાં ૮ દિશાઓમાં ૮ એક નીચે તથા એક ઉપર મલીને ૧૦ સ્થાનો છે. માનસોત્તરથી આગલ એક ભૂમિકા છે. તેપછી સુવર્ણની ભૂમિકા પછી લોકાલોક પર્વત અને લોકાલોક પર્વતથી પર માયાનું તમ છે, લોકાલોક પર્વતનીઉપર ૪ દિગ્ગજો રહેલા છે, કે જેઓવડે આ ભૂર્લોક ટકીરહેલો છે, માયાના તમથી પર મહાજલ છે, તે જલમાં ૮ ભૂજાવાલા ભૌમાપુરૂષનું સ્થાન છે, કે જ્યાં શ્રીકૃષ્ણભગવાન બ્રાહ્મણના છોકરાને સ્વદેહે લેવાને પધાર્યા હતા. ભૂર્લોકચક્રમાં જે ક્ષીરસાગર છે, તેમાં શ્વેતદ્વીપાધિપતિ શ્રીવાસુદેવભગવાનનું સ્થાન છે, તેમાં નિરાન્નમુકતો રહેછે ભૂર્લોકના ચક્રમાંના ચક્રની પહેલાંનું મોટા પાટાવાળું ૧૯ મા નંબરવાળું જે માયાના તમનું ચક્ર છે, તે ચક્રમાંના અસુરલોકો ભૂર્લોકની પ્રજાનું ભક્ષણ ન કરે તેને માટે તે ચક્રની આજુબાજુ ભગવાન શંકર્ષણ પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધરૂપ સગુણસ્વરૂપે ભ્રમણ કરી રહેલા છે. માનસોત્તરપર્વતથી ઉપર જે દિક્પાલો બતાવ્યા તેનીમધ્યે દક્ષિણમાં સંયમની નામની પુરી છે, ત્યાં યમરાજાનું સ્થાન છે કે જ્યાં જીવો અધમકર્મના યોગે નર્કમાં જાય છે (૧૪ લોકનું વિસ્તારથી વર્ણન શ્રીપુરૂષોત્તમગીતામાં આપવામાં આવશે) ભૂર્લોકનો ૫૦ કરોડ યોજન વિસ્તાર છે, તેમાં મધ્યભાગે ૧ લક્ષયોજન ઉંચો મેરૂપર્વત છે, તેનાઉપર બ્રહ્માનું સ્થાન છે, તેની આજુબાજુ ફરતા ૯ ખણ્ડો છે, તે ખણ્ડોનાં નામ, અને ઉપાસનાદિ ત્યાં બતાવવામાં આવ્યું છે, તેમાંના દક્ષિણતરફનો જે ભરતખણ્ડ; તે મોક્ષનો સાધનભૂત હોવાથી

ઉત્તમ માનેલો છે, એ ભરતખણ્ડનું ચક્ર ભૂર્લોકના ચક્રની નીચે અર્ધચંદ્રાકારે બતાવ્યું છે, તેમાં મોટા ૨પાા દેશો છે. આ ભરતખણ્ડના આર્ય અને અનાર્ય એવા બે વિભાગો છે. (કૃષ્ણમૃગ સ્વાભાવિકરીતે જેટલા પ્રદેશમાં ફરતા હોય તેટલા પ્રદેશને આર્યપ્રદેશ કહેલો છે.–મનુ) આર્યપ્રદેશમાં છ પ્રકારના (અંશ, કલા, વિભૂતિ, આવેશ, પૂર્ણ પરિપૂર્ણ) ભગવાનના અસંખ્ય અવતાર થાય છે. તે મધ્યેના મુખ્ય ૨૪ અવતારોનાં સ્વરૂપો ભરતખણ્ડમધ્યે ગોળાકારે મુકેલાં છે. કોઇવેળા સર્વાંશે મૂળસ્વરૂપ પણ પ્રગટ થાય છે. એ ભરત-ખણ્ડની ઉત્તરદિશાએ કૈલાસ અને બદ્રિકાશ્રમ છે. ભરતખણ્ડના આર્યપ્રદેશમાં જે જીવો ત્રિકાણ્ડવિષયનું પરિપકવ સાધન કરે છે, તે તેના યોગે ભાગવતદેહને ધારણ કરી સિધીલીટી-રૂપ અર્ચિમાર્ગને રસ્તે થઇ પ્રકૃતિથી પર ગોલોકધામમાં જાયછે. સાધનમાં ખામી રહે તો ક્રમમુક્તિ થાયછે, અને જે જીવો સકામકર્મ કરનારાઓ અર્થાત્ આર્થિકભક્તિ કરનારાઓ અને લૌકિકજ્ઞાન મેળવનારાઓ છે તે ધુમ (કૃષ્ણ) માર્ગવડે બ્રહ્માના લોકસુધી જઇ ત્યાંથી પતન પામેછે. શ્રીવૈરાટનારાયણના નાભિકમળમાંથી બ્રહ્મા ઉત્પન્ન થાયછે, તે સ્થાન નાભિકમળથી લાંબી વેલ કાઢીને બતાવવામાં આવ્યું છે. બ્રહ્માથી સૃષ્ટિ અને શાસ્ત્ર એ બન્નેની ઉત્પત્તિ થાય છે. બ્રહ્માના મસ્તકઉપર જે મંડળ બતાવવામાં આવ્યું છે, તે બધું શાસ્ત્રોની ઉત્પત્તિનું છે, અને નીચેના ભાગમાં જે મણ્ડલ છે તે સૃષ્ટિની ઉત્પત્તિનું છે. શાસ્ત્રની ઉત્પત્તિના મણ્ડલના શિખરની આજુબાજુ જે

બે આકૃતિઓ છે, તેમાંની એક સરસ્વતીની છે કે જે શાસ્ત્રની ઉત્પત્તિનું મૂળ છે. બીજી આકૃતિ જે ડાબીતરફ છે, તે શ્રીપરબ્રહ્મપ્રકાશના નકશાના પ્રયોજક ત્રિવેદી પ્રલ્હાદ ધીરજરામ કુકડીઆ•(ઇડરમહીકાંઠા) નિવાસીની છે.

શ્રી-વૈરાટનારાયણના ચરણારવિંદની નીચે સહસ્ત્ર-મુખી શેષનારાયણનું અને જમણીતરપ્ ચરણારવિંદ-પાસે હંસ-પક્ષીનું સ્વરૂપ મુકવામાં આવ્યું છે, તે પક્ષીના સ્વરૂપનો આશય એવો-છે કે ઉત્તમ પ્રકારનો મુમુક્ષુ જ્યારે શ્રીભગવત્-પ્રીત્યર્થ નિષ્કામ વૃત્તિથી કર્મો કરેછે ત્યારે તેની ડાબી, અને ભગવત્-સંબંધી અલૌકિકજ્ઞાન મેળવે છે. ત્યારે તેની જમણી-પાંખ તૈયાર થાયછે. જ્યારે જ્ઞાન તથા માહાત્મ્યસહિત શ્રીપુરૂષોત્તમ નારાયણની અનન્ય-ભક્તિ કરેછે, ત્યારે આખું હંસસ્વરૂપ તૈયાર થાય છે, અને તે પોતાના જીવાત્માનું હંસસ્વરૂપ બની અર્ચિ (શુકલ) માર્ગે કરીને ભગવાનના ગોલોકધામમાં જાય છે. હંસસ્વરૂપની જે નિષ્કામ-કર્મોથી થયેલી ૧ નંબરવાળી પાંખ તેનાં નિષ્કામ કર્મોને બતાવનારૂં ચિત્ર નકશાના છેવટ નીચેના ભાગની જમણીતરફ છે, તેમાં યજ્ઞયાગાદિક વિગેરે થાય છે, અને ૨ નંબરવાલી જે જમણીપાંખ ભગવત્ સંબંધી અલૌકિક જ્ઞાનથી થયેલી છે તેનું ચિત્ર નકશાના છેવટના નીચેના ભાગથી ડાબી તરફ બતાવાવામાં આવ્યું છે ત્યાં એક યોગીનું ચિત્ર પણ મૂકવામાં આવ્યું છે, તે ચિત્રો જોવામાટે વૈરાટનારાણના સ્વરૂપની ડાબી જમણી તરપ્ નકશાના બે નીચેના ખુણાઓમાં જોવું.

શ્રીશેષનારાયણના સ્વરૂપની નીચે શ્રી રાધાકૃષ્ણનું સ્વરૂપ મૂકવામાં આવ્યું છે, તેના સાધકોને તેની ભક્તિ કરવાના હેતુથી એ સ્વરૂપના ચરણારવિંદની નીચે એક સત્સંગસ્વરૂપ તથા આજુબાજુ ચારે ખુણાઓમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, અને ભક્તિનાં ગોળાકારે નાનાં સ્વરૂપો મૂકવામાં આવ્યાં છે. પાંચે સ્વરૂપોનો વિસ્તાર મહત્તત્વની ડાબીતરફ ધર્માદિકની જે પાંખડી મૂકવામાં આવી છે તેમાં છે. રાધાકૃષ્ણની જમણીતરફ પંચાયતનદેવનાં અને ડાબીતરફ ભાગવત ધર્મ ગ્રહણ કરનારા પંચમહાપુરૂષો (ઉદ્ધવ, શુકદેવ, ધ્રુવ, પરીક્ષિત, અને નારદ) નાં સ્વરૂપો બતાવેલાં છે.

શ્રીગોલોકધામથી નીચે એક અંશી મૂળપુરૂષની આજુબાજુ જે બે પાંખડીઓ મૂકવામાં આવી છે તેમાં પ્રણવથી થયેલી શાસ્ત્રની ઉત્પત્તિનું વર્ણન જણાવવામાં આવ્યું છે.

મહત્તત્વની આજુબાજુ જે બે પાંખડીઓ બતાવેલી છે તેમાં જમણી પાંખડીમાં પ્રભુનાં સ્વરૂપોની અભેદતા અને ત્રિકાણ્ડ વિષયનાં સાધનસંબન્ધી તથા ડાબીતરફની પાંખડીમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિવડે મોક્ષનાં સાધનોનું અને સત્સંગસંબંધી વર્ણન બતાવવામાં આવ્યું છે.

શ્રીરાધાકૃષ્ણની આજુબાજુમાં પંચાયતનની જોડે જમણી-તરફના ખંડમાં શ્રીપરબ્રહ્મના સંકલ્પથી અનન્તકોટી બ્રહ્માણ્ડોની ઉત્પત્તિના ક્રમસંબંધી અને ડાબીતરફના ખણ્ડમાં ચાર પ્રકારના પ્રલયસંબંધી લખવામાં આવ્યું છે.

શ્રીભગવાનના રામ, કૃષ્ણ અવતાર-રામ કશ્યપઋષિની અદિતિ સ્ત્રીથી ૬૧ પુરૂષે અને કૃષ્ણ અત્રિઋષિની અનસૂયા સ્ત્રીથી ૫૩ પુરૂષે પ્રગટ થયા તે સૃષ્ટિક્રમમાં તે તે ઋષિથી વેલ કાઢીં રામાવતાર કર્મકાણ્ડના ચિત્રની ઉપર અને કૃષ્ણાવતાર ઇન્દ્રિયોના દેવતામધ્યેના ચંદ્રદેવની જોડે નાનાં નાનાં સ્વરૂપો મૂકેલા છે તે ત્યાં જોવું.

નકશામાંના મૂળ શ્રીભગવત્સ્વરૂપને યથાર્થ સમજાવવા માટે 0 નાના ઇંડાકારે ૧ થી ૧૮ સુધી નંબરવાર પરિચ્છેદો લખવામાં આવેલા છે તેનો વિસ્તાર શ્રીપુરૂષોત્તમ ગીતાથી જાણવો.

ગોલોકધામની આજુબાજુના બે મોટા ખંડોમાં નકશામાં સમાવેલી હકીકતોને લગતાં શ્રીમદ્ભગવદ્ગીતા, શ્રીમદ્ભાગવત અને સ્કંદપુરાણાદિ સત્શાસ્ત્રનાં પ્રમાણો લખવામાં આવ્યાં છે.

નકશામાં આજુબાજુ જે જે લખાણો છે તે નકશાસંબંધી હકીકતો માટેનાં પ્રમાણો અને ઉપદેશોનાં છે તેમાં શાસ્ત્રના એકંદર ૨૨૫ શ્લોકો અને સારરૂપે ભાષાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

સૃષ્ટિક્રમ, ઉપર કહ્યું જે ઉર્ધ્વમૂળ, શ્રીપરબ્રહ્મ એવા જે, શ્રીકૃષ્ણ પુરૂષોત્તમ નારાયણ સચ્ચિદાનંદપ્રભુ, તેમના **एकोऽहं-बहुस्याम्** એવા એક સંકલ્પ માત્રથી સૃષ્ટિક્રમ કેવી રીતે ઉત્પન્ન થયો છે, કે પ્રથમ પ્રભુ પોતાના એક અંશવડે પુરૂષરૂપે

કરી પોતાની મૂળમાયાનેવિષે ચેતનરૂપી ગર્ભ મૂકે છે, પછી તે માયા ચેતનરૂપી ગર્ભને ધારણ કરી, અનન્તકોટી પ્રધાન-પુરૂષોનાં જોડલાં ઉત્પન્ન કરે છે, પછી તે દરેક પ્રધાનપુરૂષથી મહત્તત્વ, મહત્તત્વથી સત્વ, રજ ને તમ, તમથી શબ્દ, શબ્દથી આકાશ, આકાશથી સ્પર્શ, સ્પર્શથી વાયુ, વાયુથી રૂપ, રૂપથી તેજ, તેજથી રસ, રસથી જલ, જલથી ગંધ, ગંધથી પૃથ્વી, ઉપજે છે. પછી રજોગુણથી ૧૦ ઇન્દ્રિયો બુદ્ધિ અને પ્રાણ, સત્વગુણથી ૧૦ ઇન્દ્રિયો ૪ અન્તઃકરણના ૧૪ દેવતાઓ. અને મન ઉપજે છે, એ સર્વ દેવ ભેળા થઇ પોતાના અંશેકરી, બ્રહ્માંડરૂપ વૈરાટનેરચેછે, પછી તે વૈરાટની નાભિથી બ્રહ્મા બ્રહ્માથી, મરિચ્યાદિક માનસિકસૃષ્ટિ ઉપજે છે, પરંતુ તે સૃષ્ટિ વૃદ્ધિ ન પામવાથી, બ્રહ્મા પોતાના શરિરના વિભાગમાંથી, મનુ અને સતરૂપાને ઉત્પન્ન કરી, મૈથુનધર્મ ભજવાની આજ્ઞા કરે છે, ત્યારે સૃષ્ટિ વૃદ્ધિ પામે છે, તે સૃષ્ટિને બ્રહ્મા ગુણ અને કર્માનુસાર, બ્રહ્માણ્ડમાં ઊર્ધ્વ અને અધઃઆદિસ્થલે પહોંચવી, સંસિદ્ધ જીવોને મોક્ષ ક્ષેત્રમાં રાખી, પોતે સત્યલોકમાં જઇ ૧૦૦ વર્ષ પર્યન્ત દેહ રાખે છે. તે બ્રહ્માનો હાલ આયુષ્ ૫૦ વર્ષ ૧૩ ઘડી ૪૨ પલ ૩ અક્ષર ગત થઇ, ૪ ચોથા અક્ષરના ૨૭ મહાયુગ પુરા થઇ, ૨૮ મા મહાયુગ મધ્યેના, કલીયુગનું પ્રથમ ચર્ણ ચાલે છે, એવી રીતે સૃષ્ટિક્રમ જાણવો. પ્રભુ બ્રહ્મારૂપે સૃષ્ટિને ઉત્પન્ન કરે છે, વિષ્ણુરૂપે પાલન કરે છે. અને શિવ (કાલ) રૂપે સંહાર કરેછે?

શાસ્ત્રક્રમ, મૂળ પ્રણવ શ્રીકૃષ્ણ પ્રભુના હૃદયાકાશમાં રહેલો છે. સૃષ્ટિના આરંભમાં પ્રથમ પ્રભુથી ૐ એવો શબ્દ થાય છે, તે શબ્દથી શાસ્ત્રની ઉત્પત્તિ થઇ છે, તે કેવી રીતે કે, પ્રથમ ઉત્પત્તિવેળા વૈરાટના મસ્તકને વિષે, રહ્યું એવું જે સહસ્રદળનું કમળ, તેને વિષે, પ્રભુ પ્રવેશ કરીને અક્ષર બ્રહ્માત્મક એવો નાદ કરે છે, તે નાદ શુશુમ્ણામાર્ગે, વૈરાટના નાભિકંદ પ્રત્યે વ્યાપી, મહાપ્રાણુથકો ઊંચો વૃદ્ધિ પામે છે. તેથી કરી વૈરાટનું નાભિપદ્મ જે અધોમુખ હતું, તે ઊર્ધ્વ થાય છે. નાભિકંદ પ્રત્યે જે નાદ થયો તે પરાવાણી ૧ તે વાણી વેદની ઉત્પત્તિ માટે પ્રભુએ, બીજરૂપે કરીને પ્રકાશ કરી છે, તેજના પ્રવાહરૂપ છે, અર્ધમાત્રારૂપ છે, પછી તે વાણી વૈરાટના હૃદયાકાશને પામી, પરશ્યત્નિ થાય છે, ૨ કંઠને પામી મધ્યમા થાય છે, ૩ મુખને પામી વૈખરી સંજ્ઞાને પામે છે, ૪ અકાર, ઉકાર, ને મકાર ત્રણ વર્ણરૂપે થઇ, "પર" અક્ષરરૂપે થઇ, વેદરૂપે થઇ, સર્વ શાસ્ત્રરૂપે થાય છે. તેના ૧૮ પ્રસ્થાન છે, ૪ વેદ, ૪ ઉપવેદ, ૬ વેદનાં અંગ, ૧ પુરાણ, ૧ ન્યાય, ૧ મિમાંસા ૧ ધર્મશાસ્ત્ર, તેનાં નામ નકશામાં, બ્રહ્માના મસ્તક ઉપર, જ્યાં શાસ્ત્રની ઉત્પત્તિનું મંડળ બતાવેલુ છે, ત્યાંથી જાણવાં, એવી રીતે શાસ્ત્રક્રમ જાણવો.

પ્રકાશક્રમ, મૂળ પ્રકૃતિથી પર જે પ્રકાશ તે મહાપ્રકાશ કહેવાયછે, તેને શાસ્ત્રમાં બ્રહ્મ, અક્ષર, અવ્યકત, અથવા બ્રહ્મપુર ધામ કહેલું છે, તે ધામાધિપતિ, મૂળ શ્રી પરબ્રહ્મ

એવા શ્રીકૃષ્ણ પુરૂષોત્તમનારાયણના સંકલ્પથી, સૃષ્ટિક્રમ, હૃદયાકાશ મધ્યેના પ્રણવનાદથી શાસ્ત્રાક્રમ, જ્યારે પ્રગટ થયો તેનીજ સાથે, પ્રભુ ઈચ્છાવડે પોતાના મહાપ્રકાશમાંથી, અસંખ્ય કીર્ણો છુટે છે, તે કીર્ણો બ્રહ્માણ્ડ બ્રહ્માણ્ડ પ્રત્યે, વૈરાટ નારાયણના મસ્તકને વિષે, સહસ્રદલનું જે કમળ છે, તેમાં પ્રવેશ થઇ, સૂર્યનારાયણમાં આવી પ્રકાશ આપે છે, સૂર્ય ચન્દ્રને પ્રકાશ આપે છે, સૂર્ય અને ચન્દ્ર ત્રિલોકીને પ્રકાશે છે, શ્રીસૂર્યનારાયણના પ્રકાશદ્વારા દ્વિજો ગાયત્રીમંત્રવડે કરીને, શ્રી પરબ્રહ્મના અન્વય વ્યતિરેક સ્વરૂપનું ધ્યાન કરી, ઐશ્વર્ય મેળવી, અન્તે મહામાયાથી પર એવું પરમપદ જે ધામ તેને પામે છે, કે જે ધામમાં ગયેલા યોગીયો, પાછા આ લોકમાં આવતા નથી. મૂળ પ્રકૃતિથી ઓરૂ જે કાર્ય તેમાં જે પ્રકાશ (અવ્યક્ત સ્વરૂપ) અદ્રશ્ય રહે છે, અને માયાથી પરદ્રશ્ય થાય છે. તે રહસ્યને યોગીયોજ યથાર્થ જાણી શકે છે, તે પ્રકાશનું વર્ણન ભારતના મોક્ષ ધર્મમાં છે. જેવી જેની સાધના તેવા પ્રમાણમાં પ્રભુ સાધકને પ્રકાશ બક્ષે છે?

महर्षयः सप्त पूर्वे चत्वारो मनवस्तथा ।
मद्भावा मानसा जाता येषां लोक इमाः प्रजाः ॥

भ० गी० अ० १०–६

અર્થ—પૂર્વના મહર્ષિયો, અને ચાર મનુઓ સદ્ભાવ (મારા સંકલ્પને અનુસરનાર) તથા મારા મનથી ઉત્પન્ન થયલા છે, કે જેઓની લોકમાં આ પ્રજા છે. ૬

સ્થિતિ પ્રકરણ.

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच ॥

ભ૦ ગી૦ અ૦ ૧૮—૬૬

અર્થ:—સર્વ. ધર્મોનો પરીત્યાગ કરીને એક મારે શરણ આવ હું તને પાપોથી છોડાવીશ (સકામ ધર્મોને છોડી નિષ્કામ ધર્મોને ગ્રહણ કરી એક મારેજ શરણ આવ ત્યારેજ હું તને સર્વ પાપોથી છોડાવીશ).

૧ બ્રહ્માનું આયુષ્ય—હાલ બ્રહ્માનાં ૫૦ વર્ષ ૧૩ ઘડી ૪૨ પળ ૩ અક્ષર થયા છે. ૧૩ ઘ૦ ૪૨ ૫૦ ૩ અ૦ નાં માનુષિકવર્ષ ૧૯૭૨૯૪૯૦૧૩ પૂરાં થયાં, તેજ વખતે વિક્રમ-રાજાનાં સંવત ૧૯૬૮ સુધીનાં વર્ષો પૂરાં થયાં, અને તેટલામાં ૨૭ મહાયુગ પુરા થઇ ૨૮ મા મહાયુગના કલિયુગનું પ્રથમ ચરણ ચાલે છે.

૨ ભગવાનના અવતાર હેતુ અને કાર્ય ૧ સનકાદિક-ઊર્ધ્વરેત ધર્મ સ્થાપવા માટે. ૨ વરાહ-પૃથ્વીને પાતાળમાં લઇગયેલા હિરણ્યાક્ષ દૈત્યને સંહારી તેને પાછી લાવવા. ૩ યજ્ઞરૂપ-સંસારના જીવોને યજ્ઞકર્મ શિખવવા માટે. ૪ હયગ્રીવ બ્રહ્માણ્ડની ઉત્પત્તિ સમયે મધુ અને કૈટભ નામે અસુરોથી બ્રહ્માની રક્ષા કરવા. ૫ નરનારાયણ—તપશ્ચર્યા કરી ભરતખણ્ડના

જીવોના કલ્યાણને માટે. ૬ કપિલદેવ–સાંખ્ય અને યોગ પ્રવર્તાવવા માટે. ૭ દત્તાત્રય–ત્યાગ અને યોગ દર્શાવવા માટે. ૮ ઋષભદેવ–અશી મશી અને કૃષિકર્મ શિખવવા તથા સાતમી ભૂમિકાનું જ્ઞાન આપવા માટે. ૯ પૃથુરાજા–રસરહિત પૃથ્વીને રસાળ કરવા માટે. ૧૦ મત્સ્યાવતાર–સત્યવૃતરાજાને પ્રલયની લીલા દેખાડવા તથા હયગ્રીવ દૈત્યને મારી બ્રહ્માને વેદઆણી આપવા માટે. ૧૧ કૂર્માવતાર–સમુદ્ર મંથન વખતે મન્દ્રાચલ પર્વતને પીઠ ઉપર રાખવા માટે. ૧૨ ધન્વન્તરી–ઔષધીઓના નામ ગુણ અને ઉપયોગ બતાવવા માટે. ૧૩ હરિઅવતાર–ગ્રાહથકી ગજની રક્ષા માટે. ૧૪ નૃસિંહાવતાર–હિરણ્યકશ્યપુને મારી પ્રલ્હાદ ભક્તની રક્ષા માટે. ૧૫ વામનસ્વરૂપ–બલિરાજાને છળી ઈન્દ્રાદિક દેવતાઓનાં હિત કરવા માટે. ૧૬ હંસસ્વરૂપ સનકાદિકને જ્ઞાન આપવા માટે. ૧૭ નારાયણ–ધ્રુવને વરદાન આપી દર્શન આપવા માટે. ૧૮ મન્વન્તર–સ્વધર્મ મર્યાદા સ્થાપવા માટે. ૧૯ પરશુરામ–આસુરી ક્ષત્રિયોને હણવા માટે. ૨૦ રામ–રાવણાદિ રાક્ષસોને સંહારવા માટે. ૨૧ વેદવ્યાસ–વેદ પુરાણાદિ શાસ્ત્રોને પ્રગટ કરવા માટે. ૨૨ શ્રીકૃષ્ણ–કંસાદિ દુષ્ટ રાજાઓને મારવા માટે. ૨૩ બૌદ્ધાવતાર–બોધથી જ્ઞાન આપી જીવના કલ્યાણ માટે. ૨૪ કલકી–કળીયુગના અધર્મોનો નાશ કરી સત્યયુગના ધર્મોને સ્થાપવા માટે. કોઈ વેળા સર્વાંશે મૂળસ્વરૂપ પણ પ્રગટ થાય છે.

૧ પ્રભુમાં અભેદભાવ—શાસ્ત્ર અને મત ઘણા હોવા છતાં એ સર્વનું મંથન એકજ શ્રી સચ્ચિદાનંદપ્રભુ માટે છે.

સમજણના ન્યુનાધિક પણાને લઇને, મતનાં મંતવ્યોમાં ફેર ભલે હોય, પણ એ સર્વનું કેન્દ્ર શ્રીહરિજ છે. મત માત્રનો આશય, જીવને મોક્ષના માર્ગે ચલાવવાનો છે, માટે પ્રભુનાં અસંખ્ય સ્વરૂપોમાં અભેદદ્રષ્ટા બની મોક્ષનો અમુલ્ય સમય મળ્યો છે, એમાં વિજલીના ઝબકારામાં જેમ મોતિ પરોવી લેવાય તેમ, જીંદગીના પ્રવાહમાં ઝટ સત્સંગ કરી, ક્ષણભંગુર દેહના આશ્રયી જીવને, ત્રિકાણ્ડ (કર્મ, જ્ઞાન અને ઉપાસના) ના સાધનદ્વારા મોક્ષના માર્ગે ચલાવી, આત્યન્તિક મોક્ષ મેળવી લેવો, એજ ખરૂ સાર્થક છે. અત્રમત ભિન્નત્વની જરૂર નથી.

૨ મનુષ્યકર્તવ્ય—જીવ અનેક જન્મે સંસિદ્ધ થઇ મોક્ષ-ક્ષેત્રમાં ઉત્તમ મનુષ્યદેહ મેળવવો તે એટલામાટે કે તેણે વૃત્તિયોનો નિરોધ કરી માયિક ઉપાધીઓથી ભિન્ન રહી પ્રભુપરાયણ બની મોક્ષ પ્રાપ્ત કરવો.

૩ મોક્ષનાં સાધન—૧ સત્સંગ, સત્સંગથી પ્રભુપ્રીત્યર્થ નિષ્કામકર્મ,–૧ ભગવદ્દસંબંધી અલૌકિકજ્ઞાન, ૨ અને પ્રભુને વિષે મહાત્મ્યજ્ઞાન સહિત જે ઘણોજ સ્નેહ તે પરા (અનન્ય) ભક્તિ. ૩ આ ઉત્તમ સાધનો જયારે મુમુક્ષુ સિદ્ધ કરે ત્યારે આત્યન્તિક મોક્ષ થાય.

એવા ઉત્તમ જ્ઞાનિ ભક્ત માટે શ્રીકૃષ્ણ પ્રભુએ શ્રીમદ્દ ભગવદ્દગીતાના અ. ૭ શ્લોક ૧૭–૧૮ મામાં શુ કહ્યું છે તત્રશ્લોક.

तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ॥

भ० गी० अ० ७-१७

તેઓમાં નિત્યયુક્ત (નિરંતર યોગયુક્ત) અને એકભક્તિ (અનન્યભક્તિ) વાળો જ્ઞાની હોવાથી તે ઉત્તમ છે, કેમકે જ્ઞાનીને હું ઘણો વહાલો છું ને મને પણ તે તેવોજ અતિ વહાલો છે. ૧૭

उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ।
आस्थितः सहियुक्तात्मा मामेवानुत्तमां गतिम् ॥

भ० गी० अ० ७-१८

આ સર્વે ઉદાર (ઉત્તમ) છે, પણ જ્ઞાની તો મારો આત્માજ છે, કેમકે તે યુક્તાત્મા અતિ ઉત્તમ ગતિરૂપ (શરણુ સ્થાન) મનેજ ગણેછે. ૧૮

૪ જ્ઞાનોપદેશ—સર્વશાસ્ત્રનું તત્ત્વ શ્રીમદ્ભગવદ્ગીતા છે, તે ગીતામાં શ્રીકૃષ્ણભગવાને અર્જુનને જ્ઞાન આપેલું છે, તેનું પરિશીલન કરવું.

૫ મોક્ષનું સ્વરૂપ—ઉત્તમ મુમુક્ષુ ત્રિકાણ્ડવિષયનાં સાધનોને મેળવી પોતાના જીવાત્માની ભાગવતી તનુ બંધાતાં

મૂળધામને વિષે જાય છે, ત્યાંથી પુનર્જન્મને પામતો નથી તે ધામનું સ્વરૂપ.

न तद्भासयते सूर्यो न शशांको न पावकः ।
यद्गत्वा न निवर्तंते तद्धाम परमं मम ॥

भ० गी० अ० १५—६.

તે (ધામ)ને સૂર્ય પ્રકાશતો નથી, ચંદ્રમા પ્રકાશતો નથી, અગ્નિ (પણ) પ્રકાશતો નથી, તથા જેને પામીને (યોગીઓ) પાછા આવતા નથી તે મારૂં ઉત્તમ ધામ છે. ૬

પ્રલય પ્રકરણ.

कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो लोकान्समाहर्तुमिह प्रवृत्तः ।
ऋतेऽपि त्वां न भविष्यंति सर्वे येऽवस्थिताः प्रत्यनीकेषु योधाः॥

भा० गी० अ० ११—३२.

હું લોકોનો ક્ષય કરનાર બહુ વૃદ્ધિ પામેલો કાલ છું તે અહીં લોકોનું ભક્ષણ કરવાને પ્રવર્તેલો છું. જે યોદ્ધાઓ દરેક સૈન્યમાં ઉભા છે તે બધામાં (તું મારીશ નહીં તોપણ) તારાવિના કોઇપણ રહેવાનો નથી.

કાળસ્વરૂપ—માનુષિક વર્ષ ૬૬૬ અને ૮ માસ જ્યારે થાય છે ત્યારે બ્રહ્માનું ૧ લવ થાય છે, તેવા ૬૦ લવનો ૧

નિમેષ તેનાં મા. વ. ૪૦૦૦૦ થાય છે તેવા ૬૦ નિમેષનુ ૧ પલ તેનાં મા. વ. ૨૪૦૦૦૦૦ થાય છે તેવા ૬૦ પલની ૧ ઘડી તેનાં મા. વ. ૧૪૪૦૦૦૦૦૦ થાય છે તેવી ૩૦ ઘડીનો ૧ દિવસ તેનાં મા. વ. ૪૩૨૦૦૦૦૦૦૦ થાય છે ત્યારે બ્રહ્માનો ૧ દિવસ થાય છે. એવા ૧ દિવસમાં ૪ યુગ મળી ૧ ચોકડી તેવી ૧૦૦૦ ચોકડીયો મહાયુગની થાય છે ૧ ચોકડીનાં વર્ષ સત્યયુગ ૧૭૨૮૦૦૦ ત્રેતાયુગ ૧૨૯૬૦૦૦ દ્વાપરયુગ ૮૬૪૦૦૦ અને કલિયુગ ૪૩૨૦૦૦ એમ કુલ (૪૩૨૦૦૦૦) થાય છે બ્રહ્માના ૧ દિવસમાં ૧૪ મનુ, અને ૧૪ ઇંદ્ર, તે તુલ્ય રાજ્ય કરીને નાશ પામે છે ૧ મનુ અને ૧ ઇંદ્ર મા. વ. ૩૦૮૫૭૧૪૨૮ મા. ૬ દી. ૨૫ ઘડી ૪૨ પ. ૫૧ નિ. ૨૫ લ. ૪૨ ઉપરાંત ૧૨ લવનો ૧૪ ભાગ એટલું રાજ્ય કરે છે તે બ્રહ્માના લવ-નિમેષદિવસમાં સર્વ ઉપજીને નાશ પામે છે. તેનું નામ નિત્યપ્રલય કહેવાય છે. ૧ બ્રહ્માની જ્યારે રાત્રી થાય છે ત્યારે બ્રહ્મા સુવે છે ત્યારે ત્રિલોકિનો નાશ છે તેનું નામ નૈમિત્તિ-કપ્રલય કહેવાય છે. ૨ જેવડો દિવસ તેવડીજ રાત્રી છે. બ્રહ્માના દિવસરાત્રી મલી અહોરાત્રનાં મા. વ. ૮૬૪૦૦૦૦૦૦૦ થાય છે, વેદમાં કહ્યું છે કે "**यथापूर्वमकल्पयत्**" એ નિયમા-નુસાર પ્રભુ બ્રહ્મારૂપે સૃષ્ટિને ઉત્પન્ન કરે છે, વિષ્ણુરૂપે પ્રતિપાલન કરે છે, અને શિવ (કાલ) રૂપે સંહાર કરે છે, બ્રહ્માના ૧ દિવસનો અવધિ કહ્યો તેવા ૩૦ દિવસનો ૧ માસ તેવા ૧૨ માસનું ૧ વર્ષ, એવાં ૧૦૦ વર્ષ બ્રહ્મા જીવે છે. બ્રહ્માનું આયુષ્ય પુરૂં થયે જ્યારે દેહ મુકે ત્યારે ૧૪ લોકસહિત

બ્રહ્માણ્ડનો નાશ થાય છે તે દિવસે પ્રધાન (અપરા) પ્રકૃતિથી ઉત્પન્ન થયેલું સર્વકાર્ય તે પાછું પ્રધાન પ્રકૃતિમાં લીન થાય છે તેનુ નામ પ્રાકૃત પ્રલય કહેવાય છે. તેવા ઘણાક પ્રાકૃત પ્રલય થઈ જાય ત્યારે કોઇવાર જીવ મોક્ષ ક્ષેત્રમાં મનુષ્ય દેહને પ્રાપ્ત થાય છે, જયારે આત્યંન્તિક પ્રલય થાય છે. ત્યારે તો મૂળપ્રકૃતિ અને મૂળપુરૂષ અનન્તબ્રહ્માણ્ડોને પોતાને-વિષે પ્રતિલોમ કરી **અક્ષર બ્રહ્મમાં લીન થાય છે**, તે આત્યંતિક પ્રલયને શ્રી વેદવ્યાસે જ્ઞાનપ્રલયમાં લેખ્યો છે. ક્ષર અને અક્ષરથી પણ પર પુરૂષોત્તમને કહેલા છે.

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥

म० गी० अ० १५–१८.

જેથી હું ક્ષરથી પર છું તથા અક્ષર (બ્રહ્મ)થી પણ ઉત્તમ છું એટલા માટે લોકમાં તથા વેદમાં **પુરૂષોત્તમ** (નામથી) પ્રસિદ્ધ થયો છું. ૧૮





શ્રી પરબ્રહ્મ પ્રકાશ નકશા માટે.

ગોસ્વામી શ્રીમાન્ શ્રી દેવકીનંદનાચાર્ય મહારાજ, તથા ગોસ્વામીં શ્રીમાન્ શ્રી ગોકુલનાથજી બાવા, તથા શ્રી રામાનુજાચાર્યની ઝાલરીયાગાદીના આચાર્ય, શ્રીમાન્ શ્રી બાલમુકુન્દાચાર્ય, તથા શ્રી સ્વામીનારાયણની વડતાલની ગાદીના આચાર્ય શ્રીમાન્ શ્રી પતિપ્રસાદજી મહારાજ, અને અમદાવાદની ગાદીના આચાર્ય શ્રીમાન્ શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ, તથા શ્રીમાન્ દરભંગાનરેશ, તથા તેમના પ્રાઇવેટ સેક્રેટરી શ્રીયુત્ શ્રી ગોપીનાથજી, તથા શ્રીયુત્ મદનમોહન માલવીયા, તથા પંડિત દીનદયાલજી, વિગેરે આચાર્યો, તથા સાક્ષરો પ્રસન્ન થયા છે, જેમના અભીપ્રાય પત્રો, શ્રીમદ્ પુરૂષોત્તમગીતામાં આપવામાં આવશે.

લી૰ એમ. પી. ત્રિવેદીની કં.

જાહેર ખબર.

શ્રીપરબ્રહ્મ પ્રકાશના નકશામાં શાસ્ત્ર પ્રમાણોમા ૨૨૫ શ્લોકોનો જે સમાવેશ કરવામાં આવેલો છે, તેની ટીકા તથા સપ્રમાણ ભાષા વિગેરે નકશાની સમ્પૂર્ણ સમજણ આપનાર શ્રીમદ્ પુરૂષોત્તમગીતા નામે એક પુસ્તક, ઉંચા કાગલો ઉપર છપાશે, બાંધણી ઘણી મજબુત, પુઠું સોનેરી અક્ષરોથી અને બહુ સુશોભિત થશે, રોયલ ૧૬ પેજી લગભગ ૩૦૦ પૃષ્ટ વાળા આ ગ્રંથની કીંમત આગળથી ગ્રાહક થનારાઓ માટે, રૂા. ૦-૧૨-૦ પાછળથી, રૂા. ૧-૦-૦ રાખવામાં આવી છે. અગાઉથી થનાર ગ્રાહકોના નામો ગીતાની પાછળ છપાવવામાં આવશે. ગ્રાહકોએ નીચેના ઠેકાણે નામ નોંધાવવું યા લખવું.

ઠે૦ શ્રીપરબ્રહ્મ પ્રકાશ કાર્યાલય
મુંબઈ. ભુલેશ્વર, કબુતરખાના
સામે ઘર નં. ૧૮૫, ચોથેમાળે.

લી૦ એમ. પી. ત્રિવેદીની કં.

તદ્દન નિર્દોષ વનસ્પતિઓમાંથી બનાવેલું !



સિંહનાદીચૂર્ણ

બગડેલી પાચન ક્રિયાને સુધારી, દસ્ત સાફ લાવી, આરોગ્યને સ્થાપી જાળવી રાખે છે બીડી પીવાનું અને તંબાકુ ખાવાનું નકામું વ્યસન છોડાવે છે. સ્વાદમાં અને ગુણમાં ઘણુંજ ચઢિયાતુ છે. જમ્યા પછી સોપારીને ઠેકાણે પણ ઉપયોગમાં લેવાય છે. રોગી અને નીરોગી દરેક જણે હંમેશા ઉપયોગ કરવા યોગ્ય હોવાથી તેનો ઉપયોગ કરનારાં તેને માટે એક બીજાને ભલામણ કરે છે. દરેક ઘરમાં સિંહનાદીચૂર્ણ રહેવુંજ જોઇએ. શીશીના રૂા. ૦-૧૦-૦ પો. જુદું.

થાણા જીલ્લાના હજુર ડેપ્યુટી કલેકટર સાહેબ મે. રા. બા. મણીલાલભાઇ અજીતરાય ઠાકોર લખે છે કે:- સિંહનાદી ચૂર્ણ મેં મગજના થાક ઉપર, અજીર્ણ ઉપર તથા શરીર અને મનને ઉત્તેજીત કરવા માટે વાપરી જોયું છે અને તે બાબતમાં હેંડબીલોમાં તે ચૂર્ણના જે ગુણો આ વિષે લખવામાં આવ્યા છે તે મને અનુભવથી ખરા માલમ પડયા છે”

વૈદ્ય હરગોવિન્દ હરિદત્ત ઠાકર.
માલેક-આર્ય ઔષધાલય અને સિંહનાદિ ચૂર્ણ ડીપો
માધવબાગ, પાંજરાપોળ-**મુંબઇ નં. ૪.**

શ્રીપરબ્રહ્મ પ્રકાશનો નકશો તથા પત્રિકા મળવાનું ઠેકાણું.

૧ શ્રીપરબ્રહ્મ પ્રકાશ કાર્યાલય મુંબઇ ભુલેશ્વર કબુતરખાના સામે ઘર નં. ૧૮૫ ચોથેમાળે એમ૰ પી૰ ત્રિવેદીની કંપની.

૨ પંડિત નારાયણ મુલજી બુકસેલર મુંબઇ કાલબાદેવી રોડ, તેલવાડીને નાકે.

૩ મુંબઈ ભુલેશ્વર સામે શ્રી બાલાજી મહુરાજના મંદીરમાં પુજારી પાસે.

૪ વૈદ્ય હરગોવિંદ હરિદત્ત ઠાકર માલેક–આર્ય ઔષધાલય અને સિંહનાદી ચૂર્ણ ડીપો માધવબાગ મુંબઇ, પાંજરાપોળ.